મહત્તમ : ૨૮.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૧૦૦ ટકા
ગાંધીનગર તાપમાન

પાટનગરમાં વધુ એક હિટ એન્ડ રનનો બનાવ

ચ- માર્ગ પર બેફામ જતા વાહને ચ-૩ સર્કલ પાસે બાઈક પર જતા વૃધ્ધને અડફેટે લઈ મોતને ઘાટ ઉતાર્યા : અકસ્માત બાદ વાહન સાથે ચાલક ફરાર

ગાંધીનગર, તા.૧૫

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં હિટ એન્ડ રનના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે. માર્ગ અકસ્માત સર્જીને સામેવાળી વ્યક્તિને વાગ્યું છે કે તે જોવાની તસ્દી પણ લેવામાં આવતી નથી. જાણે સાવ માનવતા જ મરી પરવારી હોય તેમ અકસ્માત થઈ ગયા બાદ મારું શું થશે તેવું વિચારીને વાહન સાથે જ આરોપી ભાગી જાય છે. પરંતુ જેની સાથે અકસ્માત થયો છે તે સામેવાળી વ્યક્તિ નું શું થયું હશે તે જોવા વાહન પણ ઊભુ રાખતા નથી. શુક્રવારે ડભોડા પાસે હીટ એન્ડ રનનો બનાવ બન્યો હતો ત્યારે ગઈકાલે ચ-માર્ગ ઉપર હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો. બેફામ જતા વાહન ચાલકે ચ-૩ સર્કલ પાસે બાઈકચાલક વૃધ્ધને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી વાહન સાથે ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. વૃદ્ધ ના દિકરાની ફરિયાદને આધારે અજાણ્યા વાહનચાલક સામે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી આરોપી ડ્રાઈવર સુધી પહોંચવા પોલીસે રોડ પરના સીસીટીવી ફુટેજ મેળવવા કવાયત શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેક્ટર-૨૬ કિસાન નગર ખાતે પ્લોટ નંબર ૧૫૪/ ૨ માં રહેતા ૫૯ વર્ષીય વૃદ્ધ અશ્વિનકુમાર મોહનલાલ પટેલ ગઈકાલે સમી સાંજે પોતાનું પેશન બાઈક લઈને ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે ચ-૩ સર્કલ પાસે તેઓ પહોંચ્યા ને તેમને ગમખ્વાર અકસ્માત નડયો હતો. ચ માર્ગ ઉપરથી સડસડાટ આવી રહેલા અજાણ્યા વાહને ચ-૩ સર્કલ પાસેથી પસાર થતાં બાઈકચાલક વૃદ્ધ અશ્વિનકુમારને જબરદસ્ત ટક્કર મારી હતી. વાહનની ટક્કરથી બાઈક સાથે અશ્વિનકુમાર ફંગોળાઈને રોડ પર પટકાયા હતા અને ગંભીર રીતે માથાના ભાગે ઈજાઓ થવા પામી હતી. અકસ્માત સર્જીને વાહનચાલકે પાછું વળીને પણ જોવા તૈયાર ન હતો અને ક્યાંથી સડસડાટ તેજ ગતિએ ભાગી ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા અશ્વિનકુમારનું સ્થળ પર જ કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયું હતું. ઘટનાની જાણ પરિવારને થતા પરિવારના માથે આભ તટી પડયું હતું. સેક્ટર-૭ પોલીસને ઘટનાની જાણ થતા પી.એસ.આઈ એસ.ડી. ચૌધરી તથા તેમની ટીમ બનાવ સ્થળે આવી પહોંચી હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી મૃતકના દિકરા વિવેક કુમારની ફરિયાદને આધારે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરી આરોપી સુધી પહોંચવા સીસીટીવી ફુટેજ મેળવવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગરનો યુવા વિદ્યાર્થી ફિલ્મ મેકિંગ સ્પર્ધામાં દ્વિતિય સ્થાને વિજેતા

જીએનએલયુના અનિકેત પરમારની શોર્ટ ફિલ્મ 'ગૂંજ-એક અનસુની પુકાર' ડૉ. એપીજે અબ્દુલ કલામ સોશિયો-લીગલ ફિલ્મ મેકિંગ કોમ્પીટીશન ૨૦૧૮માં રનર્સઅપ બની

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના યુવાનો ફિલ્મ-નાટય અને સંગીત જેવા કલાક્ષેત્રે પોતાની પ્રતિભા દર્શન કરાવવા લાગ્યા છે. તાજેતરમાં જ સુરત ખાતે યોજાયેલા દ્વિતિય 'ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ઈન્ટરનેશનલ સોશિયો-લીગલ ફિલ્મ મેકીંગ કોમ્પીટીશન-૨૦૧૮'માં ગાંધીનગરની જીએનએલયુના અનિકેત પરમારે રનર્સઅપનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સ્પર્ધામાં તેમણે બનાવેલ શોર્ટ ફિલ્મ 'ગૂંજ એક અનસુની પુકાર' પ્રસ્તુત કરી હતી.

પ્રોબોનો ઈન્ડિયા દ્વારા કામેન્દુ જોષી એન્ડ એસોસિએટસના સહયોગથી જાન્યુઆરી ૨૦૧૮માં આયોજિત સોશિયો લીગલ ફિલ્મ મેકિંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગરની જીએનએલયુ લૉ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા અનિકેત પરમારે તેમની શોર્ટ ફિલ્મ મોકલી હતી.

આ ફિલ્મ યુ ટયુબ પર રિલીઝ કરાઈ છે જેમાં તેમણે મહિલા સશકિતકરણનો સંદેશ પાઠવવા સાથે મહિલાઓની વાચાને હૃદય સ્પર્શી રીતે રજુ કરી છે. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને મુંબઈના શ્રીહાન ગંગોપાધ્યાયની ફિલ્મ 'ધ પ્લીટ ઓફ ધ એરે કોલોની' ને પ્રાપ્ત થયું છે જયારે અનિકેત પરમારની 'ગૂંજ એક અનસુની પુકાર' દ્વિતિય સ્થાને તેમજ ગ્રેટર નોઈડાની આકાંક્ષા આર્ય તથા શીતલ શર્મા નિર્મિત 'ફ્રિડમ ટુ ડીસએગ્રી'ને તૃતીય સ્થાન પ્રાપ્ત થયું છે. આ સ્પર્ધા શોર્ટ ફિલ્મ મેકિંગ સ્પર્ધા હતી. અનિકેત પરમાર મૂળ આબુ રોડ નિવાસી અને ગાંધીનગરમાં પીડીપીયુ સામે સ્થિત ગુજરાત નેશનલ લૉ યુનિ. ખાતે અભ્યાસ કરી રહ્યા છે. ગાંધીનગરના વિદ્યાર્થી નિર્મિત ફિલ્મ રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધામાં વિજેતા યાદીમાં સામેલ થતા શહેરના સમગ્ર કલા જગતમાં આનંદની લહેર પ્રસરવા પામી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ફિલ્મનું સમગ્ર એડીટીંગ કામ ગાંધીનગરના જ જયેશ પંચોલીએ કર્યું છે.

ગાંધીનગરમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન શરૂ કરાશે

સાઈબર ક્રાઈમની તાલીમ લીધેલા સ્ટાફનું સિલેક્સન શરૂ કરાયુ

ગાંધીનગર, તા.૧૫

ડિજિટલ યુગમાં હેકર્સ દ્વારા આચરવામાં આવી રહેલી છેતરપિંડી અને ચોરીના ગુનાઓને પહોંચી વળવા સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન બનવું ખૂબ જરૂરી છે. કેમ કે હાલના પોલીસ સ્ટાફમાં મોટાભાગના જુના અધિકારી-કર્મચારીઓને સાઈબર ક્રાઈમ શું છે તેની પણ ખબર નથી અને કોમ્પ્યુટર ચાલુ બંધ કરતાં પણ માંડ આવ્યું છે. તો આવા કિસ્સામાં સાઈબર ક્રાઈમના ગુનાનો ભોગ બનેલા અરજદારોની અરજીની તપાસ કેવી રીતે થઈ શકે તેના પર પ્રશ્નાર્થ છે. મોટાભાગની આવી અરજીઓ પોલીસ સ્વીકારવાનું પણ યોગ્ય ગણતી નથી. આ સ્થિતિને પહોંચી વળવા હવે સાયબર ક્રાઈમની તાલીમ મેળવેલા પોલીસ અધિકારી કર્મચારીઓનું લિસ્ટ કરવામાં આવી રહ્યું છે અને આ એક સ્ટાફ તૈયાર કરીને ગાંધીનગરમાં સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન શરૂ કરવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીનગર રેન્જ કક્ષાએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન શરૂ કરવામાં આવનાર છે. તાજેતરમાં જ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવવા ઈચ્છતા પોલીસ અધિકારી-કર્મચારીઓની યાદી મંગાવવામાં આવી છે. હાલમાં પોલીસ મથકમાં ફરજ બજાવતા હોય અને સાયબર ક્રાઈમની તાલીમ લીધેલી હોય તથા સાઈબર ક્રાઈમને લગતી કામગીરીના જાણકાર હોય તેવા બિન હથીયારી પી.આઈ, પી.એસ.આઈ, હેડ કોન્સ્ટેબલ અને પોલીસ કોન્સ્ટેબલનું સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે. સાયબર ક્રાઈમને લગતા ગુના ઉકેલવા માટે અંગ્રેજી જાણતી પોલીસ જરૂરી એટલા માટે છે કે કોમ્પ્યુટર- લેપટોપ મારફતે સોફ્ટવેરથી મોટાભાગના ગુનાઓ થાય છે અને તેના ઉકેલ પણ આ પદ્ધતિથી જ લાવી શકાય છે. કોમ્પ્યુટર લેપટોપમાં તથા સોફ્ટવેરમાં અંગ્રેજી ભાષા જ વપરાય છે. જેને પગલે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં કર્મચારી-અધિકારીઓ ને પોસ્ટિંગ આપતા પહેલા તેમના ઈન્ટરવ્યુ પણ સાઈબર ક્રાઈમના નિષ્ણાત પોલીસ અધિકારી દ્વારા લેવામાં આવનાર છે. સાઈબર ક્રાઈમના બનાવો ડિટેક્ટ કરવા માટે હાઈટેક ઈક્વિપમેન્ટ્સ કીટ પણ લાવવાની તૈયારી થઈ ગઈ છે.

વાતવાતમાં

● ગાંધીનગરમાં એક જ દિવસે બે સ્થળે વાર્તા પઠનના કાર્યક્રમ યોજાયા હતા. જેમાં ચૌધરી મહિલા આર્ટસ કોલેજ અને ડૉ. આંબેડકર હોલનો સમાવેશ થાય છે. આ બંને કાર્યક્રમોમાં મળીને અંદાજે ૩૦થી વધુ સાહિત્યકારો ગાંધીનગરમાં એકઠા થયા હતા.

● શહેરમાં બુધવારથી જૈન આચાર્ય પૂ. સુનીલસાગરજી મહારાજ તેમના સંઘ સાથે પધારી રહ્યા છે. તેઓ ગાંધીનગરમાં તેમનું ચાતુર્માસ તપ કરશે અને તેમના શહેર પ્રવેશ પ્રસંગે રાજ્ય સરકારના પ્રવાસન મંત્રી તથા મેયર ઉપસ્થિત રહી આવકારશે.

ચિરવિદાય

- સ્વ. પટેલ નર્મદાબેન અમૃતભાઈ, ઉ.વ. ૫૬
- સ્વ. અશ્વિનભાઈ મોહનલાલ પટેલ, ઉ.વ. ૫૯
- સ્વ. ત્રિવેદી જશુમતીબેન નવનીતભાઈ, ઉ.વ. ૮૧

સેક્ટર-૬માં એક દારૂડિયો ઘરમાં ઘુસી ગયો

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેક્ટર-૬ ખાતે આજે બપોરના અરસામાં એક વિચિત્ર ઘટના બનવા પામી હતી. દારૂના નશામાં ચુર થઈને આવેલો યુવાન સેક્ટર-૬ ડી ખાતે એક મકાનમાં ઘુસી ગયો હતો. ઘરમાં ઘૂસી આવેલા અજાણ્યા યુવાનને જોઈને પરિવારના સભ્યો સ્તબ્ધ થઈ ગયા હતા અને તેની પાસેથી દારૂની અત્યંત દુર્ગંધ આવવા લાગતા પરિવારના સભ્યો સમજી ગયા હતા કે દારૂડિયો તેમના ઘરમાં ઘૂસી ગયો છે. પરિવારજનોએ બુમાબુમ શરૂ કરી દેતા આસપાસના વસાહતીઓ પણ ત્યાં સ્થળ પર દોડી આવ્યા હતા. ટોળું એકત્ર થઈ જતા દારૂડિયો ગભરાઈને ભાગ્યો હતો. મકાનમાંથી ઊભી પૂંછડીએ ભાગેલો દારૂડિયો સિવિલ હોસ્પિટલ તરફ દોડયો હતો અને રોષે ભરાયેલા વસાહતીઓના ટોળાએ તેનો પીછો કરીને સિવિલ હોસ્પિટલ પાસેથી પકડી પાડયો હતો.

મેથીપાક ચખાડીને વસાહતીઓના ટોળાએ દારૂડિયાને સ્થાનિક પોલીસને હવાલે કરી દીધો હતો. મોડી સાંજ સુધી પોલીસ દ્વારા ફરિયાદ લેવાની પ્રક્રિયા ચાલી રહી હતી. પકડાયેલા દારૂડીયા સામે કડક કાર્યવાહી કરવા સેક્ટર-૭ પોલીસે કવાયત શરૂ કરી છે.

સે-૧૭ વસાહત મંડળ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાયું

ગાંધીનગર, તા.૧૫

દર વર્ષની જેમ આ વર્ષે પણ સે-૧૭ વસાહત મંડળ અને વેપારી મંડળ તરફથી રથયાત્રાનું 'જય રણછોડ માખણચોર'ના નારાથી સ્વાગત કરાયું હતું. સે-૧૭ વસાહત મંડળ અને વેપારી મંડળના પ્રમુખ રજુજી બી. ગોલ, નવરાત્રી મહોત્સવ સમિતિના પ્રમુખ નરેન્દ્રસિંહ રાણા અને સંદીપભાઈ રાવલ, રમેશભાઈ વાળંદ, સમીરભાઈ પંડીત, કુલદીપસિંહ વાઘેલા, વેપારી આગેવાન ચેતનભાઈ સુખડિયા, અરવિંદભાઈ (વિમલ) વગેરેએ ફુલહારથી રથયાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સેક્ટરના વસાહતીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સેક્ટરની દિકરીઓએ વેશભૂષા સાથે માથે તાંબાનો લોટો રાખી પરંપરા જાળવી રાખી હતી. સે-૧૭ તરફથી રથયાત્રામાં જાંબુ, મગ અને કાકડીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પાટનગરના ત્રણ મોટા હત્યારાઓ પેરોલ જમ્પ કરી ભાગી છૂટયા

ડબલ મર્ડર કેસનો આરોપી આમીન બાદશાહ મન્સુરી, નવીન શાહ હત્યા કેસનો આરોપી મૌનીક ઉર્ફે મજનુ અને નવરાત્રિમાં યુવાનની ક્રુરતાથી હત્યા કરી નાખી હતી તે સુત્રધાર પકો ચિની પણ પેરોલ પર છૂટી ફરાર થઈ ગયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના ચકચારી ત્રણ અલગ-અલગ હત્યા કેસોમાં સંડોવાયેલા ત્રણ મોટા આરોપીઓ છેલ્લા એક મહિનામાં કોર્ટમાંથી પેરોલ રજા મેળવીને પેરોલનો સમય પૂર્ણ થયા બાદ પણ જેલમાં હાજર ન થઈ પેરોલ જમ્પ કરીને ફરાર થઈ ગયા હોવાનું ધ્યાને આવી છે. ત્રણેય પેરોલ જમ્પ આરોપીઓ ગાંધીનગરમાં ગુનાઈત હિસ્ટ્રી ધરાવે છે. જેમાં અમીન બાદશાહ તો ભરી કોર્ટમાંથી ભાગી છૂટયો હતો અને ત્યારબાદ નાસિકથી પકડાયો ત્યારે પણ ચોરીના મુદ્દામાલ સાથે પકડાયો હતો. તો બીજી તરફ પ્રકાશ ઉર્ફે પકો ચીની એક હત્યા કેસમાં જેલમાં હતો ત્યારે જામીન પર છૂટ્યા બાદ તેણે ફાયરિંગ કર્યા ઉપરાંત અપહરણ અને ખંડણી માગવા જેવા ગંભીર ગુનાઓ પણ આચરવાનું શરૂ કર્યુ હતું. પેરોલ પર ફરાર થઈ ગયેલા આ ત્રણેય મોટા આરોપીઓને પકડવા ગાંધીનગર એલસીબીની એક ટીમ સક્રિય છે.

મળતી માહિતી મુજબ નવનીત ગાલા કંપનીના ડિરેક્ટર નવીન શાહનું અપહરણ કરી ખંડણી માંગવાના ઈરાદે તેમની હત્યા કરી દેવાના પ્રકરણમાં પકડાયેલો મુખ્ય સૂત્રધાર સે-૪ નો મૌનિક ઉર્ફે મજનુ પટેલ તાજેતરમાં જ પેરોલ રજા મેળવીને છૂટ્યો હતો અને ત્યારબાદ રજા પૂર્ણ થયા હોવા છતાં જેલમાં પરત ન આવતા બહાર આવ્યું હતું કે મજનુ પેરોલ જમ્પ કરીને ફરાર થઈ ગયો છે. આ જ એક થી બે મહિનાના સમયગાળામાં ગાંધીનગરના મજનુ ઉપરાંત અન્ય બે ચકચારી હત્યા કેસનાં આરોપીઓ પણ પેરોલ જમ્પ કરીને ફરાર થઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. સેક્ટર-૬માં ડો.નૂપુર અને તેની માતા બંનેની કરપીણ હત્યા કરી મકાનમાંથી લૂંટ ચલાવી ભાગી જવાનાં ગુનામાં તેના પડોશી જ આમીન બાદશાહ મન્સુરી પકડાયો હતો. જેલમાં ધકેલાયેલા આમીનને ગાંધીનગર કોર્ટમાં મુદતે લાવવામાં આવ્યો હતો ત્યારે ભરી કોર્ટમાંથી જજની સામે જ કઠેડો કૂદીને કોર્ટની બારીમાંથી કૂદકો મારી આમીન બાદશાહ ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ ગાંધીનગર પોલીસ તેને નાસિકથી શોધી લાવી હતી અને તે સમયે પણ તેની પાસેથી હથિયાર અને ચોરીના મુદ્દામાલ મળી આવ્યા હતા. ફરી તેને જેલ ભેગો કર્યા બાદ પેરોલ પર તાજેતરમાં છૂટ્યો હતો અને ચકમો આપીને ફરી નાસી ગયો છે. આ બંને કેસ ઉપરાંત ત્રીજો કેસ અત્યંત ચકચાર મચાવનારો હતો તે નવરાત્રી દરમિયાન સામાન્ય માથાકૂટ થતાં એક યુવાનને ટોળકીએ ભેગા થઈને ક્રૂરતાપૂર્વક માર મારીને હત્યા કરીને ફેંકી દીધો હતો. આ પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર સેક્ટર-૬નો પ્રકાશ ઉર્ફે પકો ચીની સહિત આઠ આરોપીઓને ગાંધીનગર કોર્ટે આજીવન કેદની સજા આપી છે. આ ચકચારી કેસમાં મુખ્ય સૂત્રધાર પ્રકાશ ઉર્ફે પકો ચીની જામીન પર છૂટ્યો હતો ત્યારે શહેરના સેક્ટર-૬માં ડીજે સાથે તેને વરઘોડો નીકાળ્યો હતો. ત્યાર બાદ જામીન પર હતો ત્યારે જ તેણે અપહરણ, ખંડણી અને જાનથી મારી નાખવાનો પ્રયાસ કરવા ઉપરાંત ફાયરિંગ કરવા સહિતના ગંભીર ગુનાઓ આચર્યા હતા. પોલીસના હાથે માંડ આરોપી પણ પકડાયો હતો અને જેલ ભેગો કર્યો હતો ત્યારે આ આરોપી પણ તાજેતરમાં પેરોલ જમ્પ કરીને ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. હવે આ ત્રણેય ક્રિમિનલને પકડવા ગાંધીનગર એલસીબીની ટીમ દોડતી થઈ ગઈ છે.

પાર્ટી બદલીને પણ 'સેવા' કરશો તેવો ભરોસો મતદારો ક્યાંથી લાવે??

પદની લ્હાયમાં કે ફાઈલ ખુલવાની બીકમાં પક્ષપલ્ટો તો કર્યો પણ હવે નવી વિચારધારા અપનાવી છે તે સાચી છે તે સાબિત કરવા પાંચ વર્ષ ચુંટણી લડયા વગર 'સેવા' કરો ત્યારે ખરું

ગાંધીનગર, તા.૧૫

'અત્યાર સુધી પક્ષમાં મારી અવગણના થતી હતી, હું બહુ સમય ચુપ રહ્યો છું, પાર્ટીએ મારી કદર નથી કરી, મેં ખૂબ સહન કર્યું છે અંતે આ નિર્ણય લીધો છે, પાર્ટીની વિચારધારા અલગ દિશામાં જઈ રહી છે, મારા સમાજને અન્યાય થઈ રહ્યો હતો, મારું સ્વમાન જળવાતું નહોતું, હવે હું સાચા પક્ષમાં આવ્યો છું.' આ પ્રકારના નિવેદનોની મૌસમ પ્રારંભ થઈ રહી છે. સાવધાન... મતદારો તમે જે ઉમેદવારને મત આપ્યો છે તે હવે તમારી સમક્ષ નવા પરિવેશ સાથે તમારી સમક્ષ ઉપસ્થિત થશે અને પોતે કરેલા પક્ષપલટાને સાચો ઠેરવવા કોશિષ કરશે, જરા તેને ટકોરી તપાસી લેશો કે તમે પહેલાં છેતરાયાં હતા કે હવે છેતરાવા જઈ રહ્યા છો.

ભારત હોય કે વિશ્વનો અન્ય કોઈ પણ દેશ હોય, રાજકારણમાં એક નિયમ સર્વત્ર પ્રવર્તી રહ્યો છે અને તે એ છે કે, 'રાજકારણમાં કોઈ કોઈનું કાયમી મિત્ર નથી કે કાયમી દુશ્મન નથી, આજે તમે જેની

સામે આંગળી ચીંધો છો, શકય છે કે કાલે તેનો હાથ તમારા ખભા પર હોય.' પક્ષપલટાનું રાજકારણ ભારતમાં નવું નથી બલ્કે આઝાદી પૂર્વેથી આ રાજરમત ચાલી આવે છે અને દરેક પાર્ટી આ રમત છુટથી રમતી આવે છે. ઉમેદવારો ક્યારેક પદની લાલસામાં તો ક્યારેક સ્વમાનની લ્હાયમાં, ક્યારેક મોટી લોભામણી ઓફરોના ચકકરમાં તો ક્યારેક ભૂતકાળમાં કરેલા 'પાપ'ની ફાઈલ ખુલવાની બીકમાં પક્ષ પલટા કરતા આવ્યા છે અને કરતા રહેશે જો કે રાજનેતાઓના પક્ષ પલટાને કારણે ફાયદો કદાચ ઉમેદવારને કે જે તે રાજકીય પક્ષને થાય કે ના થાય, પરંતુ નુકશાન માત્ર બે જણને થાય છે અને તે છે મતદારો અને તે ઉમેદવારને જીતાડવા પરસેવો પાડવા સાથે ક્યાંક કોઈની સાથે દુશ્મની સુધ્ધાં વહોરી લેનાર સંનિષ્ઠ કાર્યકરો. આ કાર્યકરોને પોતાના નેતાએ જયાં સુધી પાટલી બદલી નહોતી ત્યાં સુધી વિરોધી પાર્ટીના જે ટેકેદારો સાથે પ્રચાર કાર્ય દરમિયાન ઘર્ષણ કે અંગત અણગમા ઉભા કરી દુશ્મની કરવાનું જોખમ ખેડયું હોય છે હવે તે જ દુશમનો સાથે રહીને કામ કરવાનું આવે છે તે અત્યંત કપરું હોય છે. મતદારોને તેમણે

જે તે પક્ષની વિચારધારા કે ઉમેદવારની નિષ્ઠા કે કાર્યપધ્ધતિ જોઈને મત આપ્યો હોય છે તે હવે જેની વિરુધ્ધ લડયો હતો તેમની સાથે જઈને બેસી જાય એટલે છેતરાયાની લાગણી જરૂર અનુભવાય છે, બીજી તરફ જેમણે આ ઉમેદવારને કે પક્ષને હરાવવા માટે મત આપ્યો હતો તે જ હવે પોતાને ગમતી વિચારધારા વાળી પાર્ટી અપનાવી લે એટલે હવે તેના તમામ કાર્યોને સાચા માની લેવાની માનસિકતા કેળવવી પડે તે પણ સરળ તો નથી જ. અને આ કારણે પક્ષ પલટો કરનાર ઉમેદવાર તેનો જનાદેશ ખોઈ દે છે અને જનમાનસમાં રાજકારણ માટે ખોટી છાપ ઉભી થાય છે. મોટે ભાગે વારંવાર પક્ષ પલ્ટો કરનાર રાજનેતાઓની કારકિર્દી વહેલી પુરી થઈ જાય છે તેવા રાજયમાં અનેક ઉદાહરણો મોજુદ છે.

અત્યારે 'એક રાષ્ટ્ર, એક ચુંટણી'નો કોન્સ્પેટ અમલમાં મુકવા પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે અને આ માટે દેશના ઓછામાં ઓછા દસેક રાજયો તેમની ચાલુ વિધાનસભાને બરખાસ્ત કરવાનું બલિદાન આપે ત્યારે આ શકય બને તેમ છે પરંતુ થોડા થોડા જ સમયાંતરે આવતી ચુંટણીઓ તડજોડની રાજનીતિને ઉત્તેજન આપે છે. જો કે રાજનેતાઓ એવું માને છે કે મતદારોની યાદદાસ્ત બહુ ટુંકી હોય છે પરંતુ સોશ્યલ મિડિયાના યુગમાં રાજનેતાએ જે પક્ષમાં પ્રવેશ કર્યો છે તેના વિરુધ્ધ કેવા નિવેદનો કે ભાષણો કર્યા હતા તે પળવારમાં તેમની સામે આવી જતા વાર નથી લાગતી અને મતદારો તો રાજનેતાઓની બોલી હંમેશા યાદ રાખે જ છે. જયારે જયારે ચુંટણીઓ નજીક આવે છે ત્યારે ત્યારે પક્ષપલ્ટાનું રાજકારણ ગરમાય છે અથવા હવે તો એવું કહેવાય છે કે જયારે જયારે પક્ષપલટાની ઘટના વધી પડે ત્યારે સમજવું કે હવે ચુંટણી ઢૂકડી છે. દરેક રાજકીય પક્ષના મોવડી મંડળ માટે તો આ પ્રકારની ઘટના રાજકીય રમતમાં 'સરસાઈ'નો સ્કોર કેટલે પહોંચ્યો તે પુરતી જ મહત્વ ધરાવતી જણાય છે.

રાજકારણ એ તો લોકસેવા છે અને મેં તમારી સેવા કરવા ઉમેદવારી નોંધાવી છે તેવું પ્રતિત કરાવતા આ રાજનેતાઓને મતદારો એટલું જ કહેવા માંગે છે કે 'માત્ર પક્ષ બદલવાથી જ અમારી સેવા થશે તેવું નથી, સેવા તો અનેક રીતે થઈ શકે છે, સવાલ માત્ર તમારી દાનતનો છે. તમે તમારી અવગણના થવાથી કે સ્વમાન ઘવાવાથી, નાના પક્ષમાં હોવાથી સત્તા વિમુખ રહેવાથી કે ડૂબતી નૌકામાંથી પહેલા ઉતરી જવા પક્ષ પલટો કરો છો અને વિચારધારા બદલવાનું કારણ દર્શાવો છો, તો હવે સાબિત કરો કે કેવી રીતે તમે નવી વિચારધારા સાચી માનો છો અને તેને અપનાવો છો.' 'હવે તમે જે વિચારધારા અપનાવી છે તેને પહેલા અનુરુપ થઈને બતાડો અને તે માટે પાંચ વર્ષ સુધી ચુંટણી નહીં લડો તેવું વચન આપો પછી જોઈએ કે તમે કેટલા સાચા છો?'

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com